# વાહન વ્યવહાર કમિશ્નરની કચેરી,

ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં ૬ બીજો-ત્રીજો માળ,
જુના સચિવાલય,ગાંધીનગર

નં./ટેકનીકલ-૧/ફીટનેશ,રીફ્લેક્ટર,સ્પીડ ગવર્નર સર્ટીફીકેટ/6448　　　તા.　/　/૨૦૧૮

11 JUL 2018

પ્રતિ,

સહાયક / પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી,
તમામ ................

વિષયઃ- ફીટનેશ કરવા માટે આવતા વાહનમાં રીફ્લેક્ટર અને સ્પીડ લીમીટ ડિવાઇસ લગાવ્યા માટેના સર્ટીફીકેટ બાબત

સંદર્ભ :- (૧) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક નં./એફ.એસ./ફીટનેશ,રીફ્લેક્ટર,સ્પીડ ગવર્નર બીલ/૩૯૫૧ તા. ૨૫-૦૬-૨૦૧૮

(૨) અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક નં./એફ.એસ./ફીટનેશ,રીફ્લેક્ટર,સ્પીડ ગવર્નર બીલ/૩૯૫૧ તા. ૨૭-૦૬-૨૦૧૮

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ઉપરોક્ત સંદર્ભ (૧) અને (૨) ના પત્રો અન્વયેની સ્પષ્ટતા કરવાની કે ભારત સરકારના MoRTH ના તા. ૨૫-૦૧-૨૦૧૮ ના પરિપત્ર ક્રમાંકઃ RT-11036/22/2017-MVL ની સુચનાઓ અન્વયે સ્પીડ ગવર્નર અને સ્પીડ લીમીટ ડીવાઈસના વાર્ષિક A.M.C.નો આગ્રહ રાખવાનો નથી. તેથી ઉપરોક્ત સુચનાઓ અનુસાર સ્પીડ ગવર્નરના વાર્ષિક મેનન્ટેન્સ અંગેના સર્ટીફીકેટનો અને A.M.C.ના બીલનો આગ્રહ રાખવો નહીં. પરંતુ માર્ગ સલામતીને સુનિશ્ચિત કરવા માટે જ્યારે પ્રથમ વખતે સ્પીડ ગવર્નર/ રીફ્લેક્ટીવ ટેપ લગાવવામાં આવે ત્યારે સર્ટીફીકેટ રજુ કરવું ફરજીયાત છે જેથી તે બાબતની એન્ટ્રી સુવાસ સોફ્ટવેરમાં થઈ શકે અને નકલી કે બનાવટી ટેપ/ રેડીયમ પટ્ટી લાગી જવાના કિસ્સાઓ નિવારી શકાય. વધુમાં દર વર્ષે ફીટનેશ આપતાં પહેલાં ખરાઈ કરવાની રહેશે કે અગાઉના વર્ષોમાં લગાડેલા રેડીયમ પટ્ટી/ ટેપ

અથવા તો વર્ષ-૨૦૧૩ પછીના વાહનોમાં OEM દ્વારા લગાવેલી રેડીયમ પટ્ટી હયાત અને સારી હાલતમાં છે કે કેમ, ઉખડી કે બગડી ગયેલ માલુમ પડે તો ફરીથી નિયમાનુસાર લગાવીને સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે અને સુવાસ સોફ્ટવેરમાં તેની એન્ટ્રી કરવાની રહેશે.જેની નોંધ લેવા વિનંતી.

વાહન વ્યવહાર કમિશ્નર,
ગુજરાત રાજ્ય ગાંધીનગર

નકલ સવિનય રવાના:-

- અધિક મુખ્ય સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર વિભાગ, નવા સચિવાલય, ગાંધીનગર.